ગળતેશ્વરના ખાખરીયા તળાવની કાંસ 15 વર્ષથી સાફ ન થતા 2000 વીઘા જમીન સિંચાઇ વિહોણી

# ગળતેશ્વરમાં કાંસ સાફ કરવા ખેડૂતોનો હોબાળો

**નાની સિંચાઈ અને** નર્મદા વિભાગની ખેંચતાણમાં 200થી વધુ ખેડૂતો પાયમાલ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.26

ગળતેશ્વર તાલુકામાં આવેલા વિશાળ ખાખરીયા તળાવના વિસ્તારમાં દીવા તળે અંધારા જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. 999 વીઘામાં ફેલાયેલું આ કુદરતી તળાવ હોવા છતાં આસપાસના ખેડૂતો સિંચાઈના પાણી માટે વલખાં મારી રહ્યા છે. આ સમસ્યાના મૂળમાં તળાવમાંથી નીકળતી મુખ્ય કાંસ છે, જે છેલ્લા 15 વર્ષથી સાફ કરવામાં આવી નથી. આ કાંસમાં જામેલી ગંદકી અને ઝાડી-ઝાંખરાના કારણે પાણીનો પ્રવાહ અવરોધાયો છે, જેના પરિણામે ત્રણ ગામોની લગભગ 2000 વીઘા ખેતીલાયક જમીન અસરગ્રસ્ત બની છે.આથી, રોષે ભરાયેલા ખેડૂતોએ હલ્લાબોલ કર્યો હતો.

ગળતેશ્વરના ખેડૂતો ઘણા સમયથી સિંચાઈના પાણી માટે સરકારી કચેરીઓના ધક્કા ખાઈ રહ્યા છે. ખેડૂતોનો સીધો આક્ષેપ છે કે નાની સિંચાઈ વિભાગ અને નર્મદા વિભાગ વચ્ચે કામગીરીની વહેંચણી અને જવાબદારીના અભાવે તેમની હાલત કફોડી થઈ છે. જ્યારે ખેડૂતો નાની સિંચાઈ વિભાગ પાસે જાય છે ત્યારે નર્મદા વિભાગનું કારણ આગળ ધરવામાં આવે છે અને નર્મદા વિભાગ પાસે જાય ત્યારે નાની સિંચાઈની જવાબદારી હોવાનું કહીને ખેડૂતોને ફૂટબોલની જેમ



ફેરવવામાં આવે છે. આ સરકારી ખેંચતાણમાં ખેડૂતોનો તૈયાર પાક પાણી વગર મુરઝાઈ રહ્યો છે. વારંવારની રજૂઆતો છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નહોતી. તાજેતરમાં જ્યારે પીડિત ખેડૂતો મોટી સંખ્યામાં નર્મદા વિભાગની કચેરીએ રજૂઆત કરવા પહોંચ્યા ત્યારે વહીવટી તંત્રની વધુ એક બેદરકારી સામે આવી હતી. કચેરીમાં કોઈ પણ જવાબદાર અધિકારી હાજર ન મળતા ખેડૂતોમાં રોષ ફેલાયો હતો. અંતે કોઈ રસ્તો ન જણાતા ખેડૂતો સ્થાનિક ધારાસભ્ય યોગેન્દ્રસિંહ પરમાર પાસે પોતાની વ્યથા લઈને પહોંચ્યા હતા. ધારાસભ્યએ આ બાબતની ગંભીરતા સમજીને નર્મદા વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે તાત્કાલિક ટેલિફોનિક વાતચીત કરી હસ્તક્ષેપ કર્યો હતો. ધારાસભ્યના દબાણ બાદ નર્મદા વિભાગે નમતું જોખ્યું હતું અને ખાખરીયા તળાવમાંથી નીકળતી કાંસની સફાઈ કામગીરી ટૂંક સમયમાં શરૂ કરવાની ખાતરી આપી હતી. તંત્રના આ આશ્વાસન બાદ ખેડૂતોએ રાહતનો શ્વાસ લીધો છે, જોકે કાંસ ખરેખર ક્યારે સાફ થાય છે તે જોવું રહ્યું.

ગળતેશ્વરના આ વિસ્તારોમાં ખેતી એ જ જીવાદોરી છે. 15 વર્ષ જેટલો લાંબો સમય વીતવા છતાં એક કાંસની સફાઈ ન થવી તે પ્રશાસનની ઘોર નિદ્રા દર્શાવે છે. અત્યાર સુધી અનેકવાર ચોમાસું વીતી ગયું અને રવિ પાકની સીઝન પણ આવી, પરંતુ કાંસમાં જામેલો કાંપ અને કચરો દૂર ન કરાતા પાણી છેવાડાના ખેતરો સુધી પહોંચી શકતું નથી.

# પેટલાદમાં વધુ એક કચેરી કોર્ટ કેમ્પસ બહાર નીકળી!

**ટાઉન અને રૂરલ** પોલીસ મથકોનું ખાતમુહુર્ત સંપન્ન

(પ્રતિનિધિ) પેટલાદ તા.26

પેટલાદ શહેર મધ્યે ઐતિહાસિક કોર્ટ કેમ્પસ આવેલું છે. જ્યાં વર્ષોથી 20 જેટલી સરકારી કચેરીઓ, કોર્ટ, બેંક વગેરે આવેલી હતી. જેથી શહેર અને તાલુકાની પ્રજાને સરકારી કામ માટે ખૂબ સરળ રહેતું હતું. સમય જતાં વીસેક વર્ષ અગાઉ અનેક વિરોધો વચ્ચે કેટલીક કચેરીઓ તાલુકા સેવા સદન ખાતે લઈ જવાઈ હતી. આજે પુનઃ વધુ એક કચેરી પેટલાદ રૂરલ પોલીસ સ્ટેશન કેમ્પસ બહાર જઈ રહ્યું છે. પેટલાદ ટાઉન અને રૂરલ પોલીસ મથકના નવનિર્માણ પામનાર ભવનનું ખાતમુહુર્ત સંપન્ન થયું હતું. જે અંદાજીત રૂ.9.30 કરોડના ખર્ચે થશે.

પેટલાદ શહેર જીલ્લાનું વિભાગીય વડું મથક ગણાય છે. અહીયાં જીલ્લા કક્ષા પછીની અનેક સરકારી કચેરીઓ, કોર્ટો, બેંકો વગેરે કાર્યરત છે. આ શહેરની એક આગવી ઓળખ હતી કે કોર્ટ, પ્રાંત, મામલતદાર, વેચાણવેરા, તાલુકા પંચાયત, એલઆઈસી, નગરપાલિકા, જેલ, ટાઉન અને રૂરલ પોલીસ મથક, મામલતદાર, ટ્રેઝરી, કસ્બા ચોરો, સીટીસર્વે, સ્ટેટ બેંક વગેરે જેવી મહત્વની તમામ કચેરીઓ એક જ કેમ્પસમાં હતી. જેથી શહેર અને તાલુકાની પ્રજાને કંઈપણ કામો હોય તો આ એક જ કેમ્પસમાં સરળતાથી પૂર્ણ થઈ જવા સાથે સમય અને ખર્ચમાં બચત થતી હતી. આજથી વીસેક વર્ષ અગાઉ તત્કાલિન ધારાસભ્ય અને પૂર્વ મંત્રી સી ડી પટેલના કાર્યકાળ દરમ્યાન આ કેમ્પસમાંથી અનેક કચેરીઓ શહેર બહાર લઈ જવાની ગતિવિધી ચાલુ થઈ હતી. શહેર





અને તાલુકાભરમાંથી વિરોધનો વંટોળ ઉભો થયો હતો. આમ છતાં કેમ્પસમાંથી મોટા ભાગની કચેરીઓ તાલુકા સેવા સદન બનાવી ત્યાં લઈ જવામાં આવી હતી. જેનાથી પડી રહેલ તકલીફો આજે પણ પ્રજા ભોગવી રહેલ હોવાનું જાણવા મળે છે. આશરે વીસ વર્ષ બાદ વધુ એક કચેરી બહાર લઈ જવાના નિર્ણયનું પુનરાવર્તન થઈ રહ્યું છે. ધારાસભ્ય અને રાજ્ય કક્ષાના મંત્રી કમલેશભાઈ પટેલના કાર્યકાળમાં કેમ્પસમાંથી રૂરલ પોલીસ મથક શહેર બહાર લઈ જવામાં આવી રહ્યું છે.

પેટલાદ ટાઉન પોલીસ મથક તેના જુના સ્થળે કેમ્પસમાં જ બનનાર છે. જે અંદાજીત રૂ.4.41 કરોડના ખર્ચે ગ્રાઉન્ડ ફ્લોર અને વધુ ચાર માળનું બનશે. આ ભવન 1479 ચો.મીટર જગ્યામાં બનનાર છે. તેવી જ રીતે સાંઈનાથ ચોકડી સ્થિત વિશ્વકર્મા મંદિર પાછળ પેટલાદ રૂરલ પોલીસ મથક અંદાજીત રૂ.4.88 કરોડના ખર્ચે બનશે. જ્યાં આ ભવન આશરે 1504 ચો.મીટર ક્ષેત્રફળમાં ગ્રાઉન્ડ ફ્લોર સહિત ત્રણ માળનું આકાર પામશે. આ બંન્ને પોલીસ મથકના ખાતમુહુર્ત પેટલાદના ધારાસભ્ય અને મંત્રી કમલેશભાઈ પટેલના હસ્તે સંપન્ન થયા હતા. આ નવા બનનાર પોલીસ મથકો અને તેની સુવિધાઓનો લાભ શહેર અને તાલુકાની પ્રજાને મળનાર હોવાનું તેઓએ જણાવ્યું હતું.

આ પ્રસંગે સોજીત્રાના ધારાસભ્ય વિપુલભાઈ પટેલ, જીલ્લા પોલીસ અધિક્ષક જી.જી.જસાણી, ભાજપ સંગઠનના હોદ્દેદારો, તાલુકા - જીલ્લા પંચાયતના સભ્યો, નગરપાલિકાના સભ્યો, પોલીસ વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# બોરસદ નપામાં જન્મ-મરણના દાખલા માટે અરજદારોને ધક્કા

**જન્મના** દાખલામાં સુધારા, નામ કે તારીખ બદલવી, જોડણી ભૂલ સુધારવા સહિતની કામગીરી માટે મોટી લાઇનો

(પ્રતિનિધિ) બોરસદ તા 26

બોરસદ પાલિકાના જન્મ-મરણ નોંધણી વિભાગમાં છેલ્લા કેટલાક સમયથી સમયસર પ્રમાણપત્ર આપવા માટે યોગ્ય આયોજન અભાવે ભારે ભીડભાડ જોવા મળી રહી છે. સરકારના નવા નિયમ મુજબ આખા નામ વાળા દાખલા બનાવવા માટે રોજબરોજ મોટી સંખ્યામાં લાભાર્થીઓ અરજી કરી રહ્યા છે.

બારકોડવાળા અને આખા નામ વાળા જન્મના દાખલા માન્ય ગણાશે તેવા નવા નિયમના પગલે અરજદારો દોડધામ કરી રહ્યા છે. જેને લઈને બોરસદ પાલિકાના જન્મ મરણ વિભાગમાં નવા દાખલા કઢાવવા મોટી સંખ્યામાં અરજદારો ઉમટી રહ્યા છે. ખાસ કરીને નવજાત બાળકોના જન્મના દાખલા સાથે દાખલામાં સુધારા, નામ કે તારીખ બદલવી, જોડણી ભૂલ સુધારવા સહિતની કામગીરી માટે અરજદારોની મોટી લાઈનો લાગે છે. જો કે નિયમોનુસાર દાખલા મેળવવા માટે જરુરી ફોર્મ ભરીને રૂ. 3ની ટિકીટ લગાવીને પૂરતા પુરાવા સાથે પાલિકામાં જમા કરાવવું પડે છે. બાદ 15 દિવસ પછી લાભાર્થીના મોબાઈલમાં મેસેજ આવતા, પાલિકા દ્વારા દાખલો આપવામાં આવે છે.

બોરસદ જન્મ મરણ વિભાગના કર્મચારીના જણાવ્યાનુસાર, દરરોજ ભારે ભીડ ઉમટવા છતાંયે છેલ્લા ત્રણ માસમાં અંદાજે 2100 દાખલા કાઢી આપવામાં આવ્યા છે. જન્મના દાખલા સહિત અન્ય સુધારાની કામગીરી વધી છે. ઉલ્લેખનીય છે કે, બોરસદ પાલિકામાં હસ્ત લિખિત જન્મ-મરણના દાખલાનો રેકોર્ડ 1901થી સચવાયેલો છે. કમ્પ્યુટર યુગની શરુઆત થયા બાદ 2004થી જન્મ-મરણની નોંધ કમ્પ્યુટરથી કરવામાં આવી રહી છે. પાલિકામાં લગ્ન નોંધણીની કામગીરી પણ કરવામાં આવે છે. જૂના રેકર્ડમાંથી નામ અને તારીખ શોધીને અરજદારને દાખલો બનાવવી આપવામાં ઘણો સમય વ્યતીત થાય છે. જેના કારણે લાભાર્થીઓને ધક્કા ખાવી પડી રહ્યા છે.

# શિક્ષક મહામંડળમાં પ્રમુખ પદે આણંદના શિક્ષક ચૂંટાયા

**મહિસાગરના કલ્પેશ** પ્રજાપતિ પ્રદેશમંત્રી પદે વિજયી

(પ્રતિનિધિ) આણંદ તા 26

ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક મહામંડળની ચૂંટણી યોજાઈ હતી.જેમાં એકતા પેનલે ભવ્ય અને ઐતિહાસિક વિજય હાંસલ કર્યો છે. જેમાં આણંદ જિલ્લાના વિમલભાઈ મકવાણા જંગી મતોથી વિજેતા થતા તેમની પ્રમુખ પદની પસંદગી થઈ છે.

ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક મહામંડળની ચૂંટણીમાં પ્રમુખ પદ માટે દાવેદારી કરનાર વિમલભાઈ મકવાણા (આણંદ) 250 મત મેળવી ભવ્ય વિજય પ્રાપ્ત કર્યો છે. મહામંત્રી તરીકે પરેશભાઈ પટેલ (અમદાવાદ), ઉપપ્રમુખ તરીકે રાકેશભાઈ પટેલ (અરવલ્લી), રવિન્દ્ર



પટેલ (ભરૂચ), મીઠાભાઈ મોરી (જુનાગઢ), પ્રાદેશિક મંત્રી તરીકે કલ્પેશભાઈ પ્રજાપતિ (મહીસાગર)નો સમાવેશ થાય છે. આ પેનલમાં સહમંત્રી પદે ત્રણ ઉમેદવારો અને સંગઠન મંત્રી પદે ત્રણ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયાનું જાણવા મળ્યું છે.તેમના આ વિજયને શિક્ષક વર્ગના હિત માટેના કાર્ય પ્રત્યેના વિશ્વાસના રૂપમાં જોવામાં આવી રહ્યો છે. પ્રમુખ પદે નિયુક્ત થનાર વિમલભાઈ મકવાણાએ અગાઉ પણ શિક્ષકોના પ્રશ્નો માટે સતત અવાજ ઉઠાવ્યો હતો, જેના પરિણામે તેમને વિશાળ સમર્થન મળ્યું હોવાનું માનવામાં આવે છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદ જિલ્લાની શાળાઓમાં વીર બાલદિવસ નિમિત્તે વિવિધ પ્રવૃત્તિ યોજાઇ



**આણંદ |** આણંદ જિલ્લામાં વીર બાલ દિવસની ઉજવણી કરવામાં આવી છે. આ દરમિયાન શાળાઓમાં બાળકોમાં દેશભક્તિના ભાવ, સાહસ, નૈતિક મૂલ્યો વિકસાવવા વિવિધ પ્રકારના પ્રવૃત્તિઓ જેવી કે વક્તૃત્વ સ્પર્ધાઓ, વક્તવ્ય તથા નાટક જેવી પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. આણંદ જિલ્લામાં પણ 1031 જેટલી શાળાઓમાં પણ બાળકોમાં વીરતા, સાહસ દેશ માટે બલિદાન તથા ગર્વની ભાવના ઉદભવે તે માટે પ્રાર્થના સભામાં કથન તથા પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. આણંદ જિલ્લામાં વીર બાલ દિવસની ઉજવણીમાં 1.46 લાખ જેટલા બાળકો તથા 7 હજાર જેટલા શિક્ષકો સહભાગી બન્યા હતા.

### ફતેગંજ વિસ્તાર વડોદરાના શોપિંગ પાવર હાઉસ તરીકે ઉભરી આવ્યો, સર્વેનું તારણ

**વડોદરા |** વડોદરાની સાંસ્કૃતિક ઓળખમાં હવે ક્વિક કોમર્સનો નવો અધ્યાય ઉમેરાયો છે, જેમાં ફતેગંજ વિસ્તાર શહેરમાં સૌથી વધુ સ્થાનિક ઓર્ડર સાથે વડોદરાનું 'શોપિંગ પાવરહાઉસ' બનીને ઉભર્યો છે. સ્વિગી ઇન્સ્ટામાર્ટના 2025ના અહેવાલ મુજબ, વડોદરામાં ઇલેક્ટ્રોનિક્સ કેટેગરીમાં 347 ટકા અને સ્પોર્ટ્સ-ફિટનેસમાં 366 ટકાનો તોતિંગ વાર્ષિક વધારો નોંધાયો છે, જેમાં શહેરના એક જાગૃત ગ્રાહકે તો વિવિધ પ્રીમિયમ વસ્તુઓ પાછળ 4.97 લાખનો ખર્ચ કર્યો છે,. દૂધ, ખાંડ અને પાણી જેવી દૈનિક જરૂરિયાતોની સાથે સ્માર્ટવોચ અને ગેજેટ્સની વધતી માંગએ વાતની સાબિતી છે કે, વડોદરાવાસીઓ માટે હવે ક્વિક કોમર્સ માત્ર સુવિધા નહીં, પરંતુ એક આધુનિક જીવનશૈલી બની ગઈ છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### પેટલાદના મોરડ ગામની પ્રા.શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકનો જન્મ દિવસ ઉજવવામાં આવ્યો



**પેટલાદ |** મોરડ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓની સૌથી ઉચ્ચતમ ચાહના પામેલા શિક્ષક પરેશભાઈ પટેલનો જન્મ દિવસ શાળાના શિક્ષક ગણે તથા વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહથી ઉજવ્યો હતો. આ શાળાના આશરે 550 જેટલા બાળકોને ગત જન્મ દિવસે પાણીપુરી તો આ જન્મ દિવસે બાળકોની રુચિ અનુસાર શુદ્ધ દાબેલી શાળામાં બનાવડાવીને સૌ બાળકોને તેઓએ ખવડાવી હતી. વળી,બાળકોએ તેઓને કંઇકને સ્મૃતિભેટ આપવા તૈયારી દર્શાવતા તેઓએ તમામ વિદ્યાર્થીઓને સ્મૃતિ ભેટ રૂપે હનુમાન ચાલીસા કંઠસ્થ કરી લાવવાની અનોખી પ્રેરણા આપી હતી.

### આણંદના સાઈબાબા જનસેવા ટ્રસ્ટ ખાતે સંગીતમય સુંદરકાંડ પાઠનું ભવ્ય આયોજન



**આણંદ |** આણંદ શહેરના સાઈબાબા જનસેવા ટ્રસ્ટના પટાંગણમાં એક ભક્તિમય કાર્યક્રમ સંપન્ન થયો હતો. જેમાં અશ્વિન પાઠક જીના સ્વકંઠે સંગીતમય સુંદરકાંડ પાઠનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેઓએ પોતાની આગવી શૈલીમાં પ્રસ્તુતિ આપી વાતાવરણને દિવ્ય બનાવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયાં હતાં.

### માનકસિયા કોટેડ મેટલ્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝે ગેલ્વેનાઇઝિંગ લાઇનનું અપગ્રેડેશન કરાયું

**વડોદરા |** માનકસિયા કોટેડ મેટલ્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે તેની કન્ટીન્યુઅસ ગેલ્વેનાઇઝિંગ લાઇન (CGL)ના ટેકનોલોજી અપગ્રેડેશન અને ક્ષમતા વિસ્તરણની પ્રક્રિયા હાથ ધરી છે, જેના અંતર્ગત કંપની પરંપરાગત ગેલ્વેનાઇઝડ સ્ટીલને બદલે હવે એલ્યુમિનિયમ-ઝિંક કોટેડ સ્ટીલનું ઉત્પાદન કરશે. આ આધુનિકીકરણને કારણે કંપનીની સ્થાપિત ઉત્પાદન ક્ષમતામાં 36 ટકાનો નોંધપાત્ર વધારો થશે, જે વાર્ષિક 1.32 લાખ મેટ્રિક ટનથી વધીને 1.80 લાખ મેટ્રિક ટન પર પહોંચશે. આ પ્રોજેક્ટ અંતર્ગત ડિસેમ્બર 2025માં શટડાઉન બાદ જાન્યુઆરી 2026થી ઉત્પાદન સ્થિર થવાની ધારણા છે. આ અપગ્રેડેશનથી માત્ર ઉત્પાદન પ્રક્રિયાની ગતિ અને ઊર્જા કાર્યક્ષમતામાં સુધારો જ નહીં થાય, પરંતુ કાટ પ્રતિકાર ક્ષમતા વધવાની સાથે કોટિંગ ખર્ચમાં પણ ઘટાડો થશે, જે કંપનીના EBITDA અને ઉચ્ચ મૂલ્યવાળા પ્રોડક્ટ મિક્સ પર સકારાત્મક અસર પાડશે. આ કંપનીના વ્હોલ ટાઇમ ડિરેક્ટર કરણ અગ્રવાલે જણાવ્યું હતું કે, આ ફેરફારથી બજારમાં કંપનીની સ્થિતિને વધુ મજબૂત બનાવશે.

### નડિયાદમાં 'વીર બાળ દિવસ'ની ઉજવણી અંતર્ગત પ્રભારી મંત્રીએ શ્રદ્ધાંજલિ અર્પી




**નડિયાદ |** નડિયાદના રામતલાવડી સ્થિત ગુરુદ્વારા ખાતે 'વીર બાળ દિવસ'ની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ ગુરુ ગોવિંદસિંહજીના સાહિબજાદા જોરાવરસિંહજી અને ફતેહસિંહજીના ધર્મ રક્ષા કાજે અપાયેલા સર્વોચ્ચ બલિદાનને યાદ કરવા માટે યોજાયો હતો. જિલ્લા પ્રભારી મંત્રી રમણલાલ સોલંકીએ ગુરુદ્વારામાં દર્શન કરી ધ્વજારોહણ કર્યું હતું અને શહીદ સાહિબજાદાઓને શ્રદ્ધાંજલિ અર્પી હતી. તેઓએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશની વિરાસત અને રાષ્ટ્રને ઉર્જા આપનારા સપૂતોને યાદ કરવાની પરંપરા શરૂ થઈ છે. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ નયનાબેન પટેલ, ખેડા જિલ્લા ભાજપ મહામંત્રી અપૂર્વ પટેલ, રાજેશભાઇ પટેલ, અમિતભાઇ ડાભી અને નડિયાદ શહેર ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### આણંદની એનએસ પટેલ આર્ટ્સ કોલેજમાં 30 કલાકના ઇનોવેશન સર્ટિફિકેટ કોર્સનો પ્રારંભ



**આણંદ |** સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એનએસ પટેલ આર્ટ્સ (ઓટોનોમસ) કોલેજ ખાતે ઇનોવેશન ક્લબ અને ઉચ્ચ શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓમાં ઈનોવેટિવ વિચાર વિકસાવવાના હેતુથી 30 કલાકનો સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે SPSEC ના ડાયરેક્ટર ડો. સુનિલ ચાકીએ હાજરી આપી હતી. તેઓએ વિદ્યાર્થીઓને ઇનોવેશન, સ્ટાર્ટઅપ માટે મળતી ફંડિંગ સહાય અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે કોલેજના આચાર્ય એમ. કે. ચૌધરી અને વર્કશોપ કો-ઓર્ડિનેટર ડો. જયેન્દ્રસિંહ મહિડા પણ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે કાર્યક્રમનું સંચાલન પ્રાધ્યાપિકા મનિષા પ્રજાપતિએ કર્યું હતું.

### બાકરોલ સ્થિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ ખાતે ઇન્ટર કોલેજ કબડ્ડી સ્પર્ધા યોજાઇ



**આણંદ |** તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક)માં સ્પોર્ટ્સવિક અંતર્ગત ઇન્ટર કોલેજ કબડ્ડી સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં કેમ્પસની વિવિધ કોલેજોની ભાઇઓ અને બહેનોની ટીમોએ ખેલદિલી અને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બહેનોની ફાઇનલ મેચમાં સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટની ટીમ વિજેતા જાહેર થઇ હતી. ભાઈઓની મેચમાં પણ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ કોલેજે વિજય મેળવ્યો, જ્યારે એન્જિનિયરિંગ કોલેજ રનર્સ-અપ રહી હતી. સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

### વિદ્યાનગરના આઈબી પટેલ ઇંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ)માં વીર બાળ દિવસ ઉજવાયો



**આણંદ |** ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈબી પટેલ ઈંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ)માં વીર બાળ દિવસ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓ માટે ડીબેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો વિષય ડિઝીટલ ઇન્ડિયા રાખવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ડિજિટલ ઇન્ડિયાના લાભ, ટેક્નોલોજીનો શિક્ષણ, આરોગ્ય, શાસન અને રોજગાર ક્ષેત્રે થયેલા ઉપયોગ, લાભ અને ગેરલાભ અંગે પોતાના વિચારો સ્પષ્ટ અને અસરકારક રીતે રજૂ કર્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન જી.જી. વાલાણી દ્વારા કરવામાં આવ્યું હતું. ભાવનાબેન પવાર અને ઋત્વિકાબેન પટેલ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અંતમાં આચાર્ય ભાવેશભાઇ ભટ્ટે અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.

### મોર્ડન ડાયગ્નોસ્ટિક એન્ડ રિસર્ચ સેન્ટર લિ.નો રૂ.36.89 કરોડનો આઈપીઓ 31મીએ ખુલશે

**વડોદરા |** મોર્ડન ડાયગ્નોસ્ટિક એન્ડ રિસર્ચ સેન્ટર લિમિટેડે તેની પ્રારંભિક જાહેર ઓફર લોન્ચ કરવાની જાહેરાત કરી છે, જે 31મી ડિસેમ્બર, 2025ના રોજ ખુલશે. કંપની આ આઈપીઓ દ્વારા અંદાજે રૂ. 36.89 કરોડ (અપર પ્રાઇઝ બેન્ડ પર) એકત્રિત કરવા માટે 40,99,200 ઇક્વિટી શેરનો ફ્રેશ ઇશ્યુ લાવશે. જેનું લિસ્ટિંગ બીએસઇ એસએમઇ પ્લેટફોર્મ પર કરવામાં આવશે. આ ઇશ્યુ માટે શેર દીઠ રૂ. 85થી રૂ. 90ની પ્રાઇઝ બેન્ડ નક્કી કરવામાં આવી છે અને રોકાણકારો માટે ન્યૂનતમ લોટ સાઇઝ 1600 ઇક્વિટી શેરની રહેશે. આ આઈપીઓ દ્વારા પ્રાપ્ત થનારી રકમનો ઉપયોગ ડાયગ્નોસ્ટિક સેન્ટર અને લેબોરેટરીઝ માટે અદ્યતન મેડિકલ સાધનોની ખરીદી, કાર્યકારી મૂડીની જરૂરિયાતો સંતોષવા, બાકી ઉધારની ચુકવણી અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. આ અંગે કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર દેવેન્દ્રસિંહ યાદવે જણાવ્યું હતું કે, દેશમાં ગુણવત્તાસભર ડાયગ્નોસ્ટિક સેવાઓને વધુ મજબૂત બનાવશે.

### લુણાવાડામાં નગરપાલિકા દ્વારા ટ્રાફિકના પગલે મુખ્ય માર્ગના નવીનીકરણ કરશે



**લુણાવાડા |** લુણાવાડા નગરપાલિકા દ્વારા લીલાવતી હોસ્પિટલથી બેંક ઓફ બરોડા સુધીના મહત્વના માર્ગના નવીનીકરણ કાર્યનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. ભાજપ જિલ્લા પ્રમુખ દશરથભાઈ બારીયા અને નગરપાલિકા પ્રમુખ ડો. કીર્તિ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં મહાનુભાવોના હસ્તે શ્રીફળ વધેરીને આ કામગીરીનો પ્રારંભ કરાયો હતો. આ પ્રોજેક્ટ અંતર્ગત લીલાવતી હોસ્પિટલની સામેનો વિસ્તાર, એ યુ ફાઈનાન્સથી શહેરા દરવાજા અને શહેરા દરવાજાથી બેંક ઓફ બરોડા સુધીના મુખ્ય માર્ગોનું નવીનીકરણ કરવામાં આવશે. શહેરનો આ સૌથી ધમધમતો વિસ્તાર હોવાથી અહીં વારંવાર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતી હતી.